संkalp INTERNATIONAL SCHOOL

# 26TH JANUARY




પ્રજાસત્તાક દિન અથવા ગણતંત્ર દિવસ, 26 જાન્યુઆરી, ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે ઇ.સ. 1950 માં ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ અને ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક (ગણતંત્ર) દેશ બન્યો હતો.

ભારત 15 ઓગસ્ટ,1947 નાં રોજ સ્વતંત્ર થયું, પરંતુ ભારતને તેનું કાયમી બંધારણ હતું નહીં; તેને બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ 1935 પર આધારીતનો વગેરે અમલ થતો અને દેશ રાજા પંચમ જ્યોર્જનાં બ્રિટિશ આધિપત્ય તળે ગણાતો અને દેશનાં વડા એવા સર્વોચ્ચ પદ 'ગવર્નર જનરલ' ના પદ પર લોર્ડ માઉન્ટબેટન કારભાર સંભાળતા હતા. 29 ઓગસ્ટ,1947 નાં રોજ કાયમી બંધારણની રચના માટે ડો.આંબેડકરનાં વડપણ (as Chairman) હેઠળ એક મુસદ્દા સમિતિની રચના કરવામાં આવી. જવાહરલાલ નેહરુ, ડો રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ , શ્યામ પ્રસાદ મુખર્જી, મૌલાના આઝાદ વગેરે આ સમિતિના મુખ્ય સભ્યો હતા. સમિતિ દ્વારા બંધારણનો મુસદ્દો (ખરડો) તૈયાર કરી અને 4 નવેમ્બર,1947 નાં રોજ બંધારણ સભા

(Assembly) સમક્ષ રજુ કરવામાં આવ્યો. બંધારણનો સ્વીકાર કરતાં પહેલાં બંધારણ સભાનું 166 દિવસનું જાહેર સત્ર મળ્યું, જે 2 વર્ષ,11 માસ અને 18 દિવસ ચાલ્યું. કેટલાયે વિચારવિમર્શ અને સુધારાઓ પછી,308 સભ્યની આ બંધારણ સભાએ 24 જાન્યુઆરી,1950 નાં રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજીમાં હસ્તલિખીત બે નકલો પર હસ્તાક્ષરો કર્યા. બે દિવસ પછી, ભારતનું બંધારણ ભારતભૂમિ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું. ભારતનું બંધારણ (Constitution of India) 26 જાન્યુઆરી,1950 થી અમલમાં આવ્યું અને રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા. 26 જાન્યુઆરીનાં બંધારણ પર હસ્તાક્ષર કરી અને સ્વતંત્યતા સેનાનીઓ, કે જેઓ 26 જાન્યુઆરીને ભારતનાં સ્વતંત્રતા દિવસ તરીકે ઈચ્છતા હતા, તેમના પ્રત્યે સન્માન દર્શાવવામાં આવ્યું.



**26 મી તારીખનું મહત્વ.**

31 ડિસેમ્બર 1929 ની મધ્યરાત્રિએ લાહોરમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં અધિવેશન યોજાયું હતું.આ અધિવેશનમાં જાહેર કરવામાં આવ્યું હતું કે જો અંગ્રેજ સરકાર 26 જાન્યુઆરી 1930 સુધી ડોમેનિયન સ્ટેટસનો હોદ્દો આપવા તૈયાર ના થાય તો

ભારત દેશ પોતાને પૂર્ણ સ્વતંત્ર દેશ જાહેર કરી દેશે. 26 જાન્યુઆરીના દિવસે અંગ્રેજોએ દેશની આઝાદી માટે કોઇ જ પગલા ન ભરતા દેશમાં પૂર્ણ સ્વરાજનો નારો ગુંજી ઉઠયો હતો.પૂર્ણ સ્વરાજની માંગ સાથે દેશમાં રાષ્ટ્રભક્તિની લહેર ઉભી થઇ હતી.આથી લાહોર અધિવેશન મુજબ 26 મી જાન્યુઆરીને દર વર્ષે પૂર્ણ સ્વરાજ દિવસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું હતું.જયાં સુધી દેશને ઈસ 1947 માં આઝાદી ના મળી ત્યાં સુધી 26 મી જાન્યુઆરી પૂર્ણ સ્વરાજ દિન એટલે કે સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવાતો રહયો હતો.

આ દિવસનું મહત્ત્વ સિદ્ધ કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે નવી દિલ્હીમાં એક મહા સરઘસ (પરેડ)નું આયોજન કરવામાં આવે છે. તેની શરૂઆત રાષ્ટ્રપતિ ભવન નજીક આવેલ રૈસિના ટેકરીથી થાય છે. રાજપથ ઈન્ડિયા ગેટ થઈ તે ઐતિહાસિક લાલ કિલ્લા સુધી પહોંચે છે. પાયદળ, વાયુસેના અને નૌસેનાની વિવિધ ટુકડીઓ તેમના સત્તાવાર ગણવેશમાં કવાયત કરતાં ચાલે છે. ભારતના રાષ્ટ્રપતિ જે ત્રણેય સેનાના પ્રમુખ છે, તેઓ સલામી ઝીલે છે. આ પરેડમાં ભારતના જુદાજુદા પ્રદેશની ઝાંકીઓને ફ્લોટ્સ (ખટારા અને ટ્રેલર પર બનાવેલ ધીમેથી સરકરતો મંચ) પર બતાવવામાં આવે છે. આ પરેડનું જીવંત પ્રસારણ દૂરદર્શન અને આકાશવાણી પરથી કરવામાં આવે છે. રાષ્ટ્રીય બહાદૂરી ચંદ્રક મેળવનાર બાળકો પણ આ સરઘસનો એક ભાગ હોય છે. તેમને હાથી પર અંબાડીમાં બેસાડવામાં આવે છે. પ્રાદેશિક ઝાંકી (જુદા જુદા પ્રદેશની સાંસ્કૃતિક ઓળખ આપતી ઝલક) સિવાય અન્ય દેખાવ પણ બતાવાય છે. અંતમાં ભારતીય વાયુસેનાના શક્તિ પ્રદર્શનથી આ સરઘસ પૂર્ણ થાય છે.

રાજ્યની રાજધાનીઓમાં પણ ઉજવણી કરવામાં આવે છે, જેમાં રાજ્યપાલ રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. જો રાજ્યપાલ અસ્વસ્થ હોય કે કોઇ કારણસર હાજર ના હોય તો રાજ્યના મુખ્યમંત્રીને ધ્વજ ફરકાવવાનું માન મળે છે.

આજે સમગ્ર દેશમાં ગણતંત્ર દિવસ ઉજવાય છે, ખાસ કરીને ભારતની રાજધાની દિલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના સંબોધનથી શરૂ થાય છે. ભાષણની શરૂઆત સ્વાતંત્ર સેનાનીઓએ આપેલા બલિદાન તેમ જ શ્રધ્ધાંજલિથી થાય છે કે જેઓએ દેશના સ્વાતંત્ર્ય માટે સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું તથા રાષ્ટ્રની સંહિતા માટે લડ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિ મંચ પર આવી લશ્કરના જવાનોના પરિવારજનોને જવાનોની યુધ્ધમાં દાખવેલ અજોડ બહાદુરી માટે ચન્દ્રકો એનાયત કરે છે. તથા ભારતના નાગરીકો કે જેમણે અસામાન્ય પરિસ્થિતિઓમાં બહાદુરીપૂર્વકનું કાર્ય કર્યુ હોય એમને સન્માનિત કરી તેમને પુરસ્કારો એનાયત કરે છે.

થોડોક નશો તિરંગાની આન નો છે,
થોડોક નશો માતૃભુમિની શાનનો છે,
દરેક જગ્યાએ તિરંગો લહેરાવીશું,
કારણકે આ નશો તો હિન્દુસ્તાનના સમ્માનનો છે.

# HAPPY REPUBLIC DAY